પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૩૨ | ૩૧ ઓક્ટોબર, ૨૦૨૦, શનિવાર; નિ. આસો સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




A-133, First Floor, B/h. La pino'z Pizza, Pramukh Arcade, Kudasan, Gandhinagar. | Gunjan Patel : +91 94092 84317


# હવે, કેવડીયા પ્રવાસન ધામ બન્યું








## કેવડિયા ખાતે આરોગ્ય વન, એકતામોલ અને ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કનું પ્રધાનમંત્રીએ કર્યુ લોકાર્પણ : ૧૭ એકરમાં પથરાયેલા આરોગ્ય વનમાં યોગ, આયુર્વેદ અને ધ્યાનને ખાસ મહત્વ : ૩૮૦ પ્રજાતિના જુદા જુદા ૫ લાખ વૃક્ષો વાવવામાં આવ્યા : ૩૫૦૦૦ ચો.મી. વિસ્તારમાં પથરાયેલો વિશ્વનો સૌ પ્રથમ ટેકનોલોજી સંચાલિત ચિલ્ડ્રન થીમ બેઈઝ ન્યુટ્રિશન પાર્ક : સ્ટેચ્યુ ઓફ યુનિટીના આકર્ષણમાં વધારો

ગાંધીનગર,તા.૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સ્ટેચ્યૂ ઓફ યુનિટી-કેવડીયાના સંકલિત વિકાસ માટેના વિવિધ ૧૭ પ્રોજેકટસના લોકાર્પણ અને ૪ નવા પ્રોજેકટના શિલાન્યાસ પ્રસંગે આજે પ્રથમ ચરણામાં આરોગ્યવન, એકતામોલ અને ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કનું લોકાર્પણ કર્યા હતા. આ વેળાએ રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ જોડાયા હતા. પ્રધાનમંત્રીએ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫મી જન્મ જયંતીના પૂર્વ દિવસે આ પ્રવાસન આકર્ષણ પ્રોજેક્ટ્સના લોકાર્પણ સંપન્ન કર્યા હતા. આ તમામ પ્રોજેકટસ સ્ટેચ્યુ ઑફ યુનિટીના આકર્ષણમા વધારો કર્યો છે જે પ્રવાસીઓને આકર્ષવા અને માણવા માટે આહલાદક નજરાણા પુરવાર થશે. કેવડીયા ખાતે આ લોકાર્પણ પ્રસંગે રાજયના મુખ્ય સચિવ ડૉ.અનિલ મુકિમ અને વન વિભાગના અગ્ર સચિવ ડૉ.રાજીવ ગુપ્તાએ આ પ્રોજેકટ અંગે વિસ્તૃત માહિતી વડાપ્રધાનને આપી હતી. આ બધા જ પ્રોજેકટ વિક્રમજનક સમયમાં પૂર્ણ થતા કેવડિયા વિશ્વ સ્તરના એક પ્રવાસન કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. જયાં કુટુંબના દરેક વયજૂથના સભ્યો માટે રસપ્રદ આકર્ષણો બની રહેશે. આરોગ્ય વનનું લોકાર્પણ કરતા

● અનુસંધાન પાન-૭ પર

## કુલગામમાં ભાજપના ત્રણ કાર્યકરોને ઠાર કરતા આતંકી

કુલગામ, તા. ૩૦

જમ્મુ-કાશ્મીરના કુલગામના એક ગામમાં આતંકવાદીઓ દ્વારા ત્રણ ભાજપા કાર્યકર્તાઓની હત્યા કરી દેવામાં આવી છે. સ્થાનીક પોલીસ દ્વારા આ અંગેની જાણકારી આપવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આજે શુક્રવારે સવારે લગભગ ૮.૨૦ વાગ્યે કુલગામ પોલીસને વાઈકે પોરા ગામમાં એક આતંકવાદી ઘટના ઘટી હોવાની માહિતી મળી હતી, જ્યાં આતંકવાદીઓએ ભાજપના ત્રણ કાર્યકર્તાઓ પર ગોળીબાર કર્યો હતો.

# કોરોનાની બીજી ઈનિંગે ફરીથી ઝડપ પકડી છે : એમ્સ ડાયરેક્ટર ગુલેરીયા

## અત્યંત જરૂરી કામ ન હોય ત્યાં સુધી ઘરની બહાર ન નિકળો : ગુલેરિયા

ન્યુ દિલ્હી,તા.૩૦

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસનું સંક્રમણ અચાનક વધી ગયું છે. દિલ્હીમાં કોરોનાની ત્રીજી લહેરની શક્યતાઓ વ્યકત કરવામાં આવી રહી છે. એઈમ્સના ડાયરેક્તર ગુલેરીયાએ દિલ્હીમાં કોરોનાની ત્રીજી લહેરનો ઈનકાર કરી દીધો છે. તેમને વર્તમાન સ્થિતિને ઝડપી બની રહેલી બીજી લહેર ગણાવી હતી. સાથે જ તેમને ચેતવણી આપી છે.

એઈમ્સના ડાયરેકટર ગુલેરિયાએ કોરોનાની બીજી લહેર વધારે તેજ બનવા પાછળ સાવધાની રાખવામાં ઢીલાસ રાખાવનો ઉલ્લેખ કરતા કહ્યું હતુ કે, સોશિયલ ડિસ્ટેંસિંગનું યોગ્ય રીતે પાલન નથી કરવામાં આવ્યું. માસ્ક લગાવવામાં પણ બેદરકારી દાખવવામાં આવી છે.

ડો ગુલેરિયાએ આમ થવા માટે હવામાન અને પ્રદૂષણને જવાબદાર ઠેરવતા કહ્યું હતું કે, પ્રદૂષણના કારણે વાયરસ વધારે સમય સુધી હવામાં ટકી રહે છે. પ્રદૂષણ અને વાયરસ બંને લોકોના શરીરને ગંભીર નુકસાન પહોંચાડે છે. કોરોના વાયરસ હજી પણ ખતમ નથી થયો. યૂરોપ સહિતના અન્ય દેશોનું ઉદાહરણ આપતા ગુલેરિયાએ કહ્યું હતું કે, માસ્ક જરૂરથી પહેરો. જરૂરી કામ ના હોય તો બહાર ના જાવ. તેમણે ચેતવણી આપતા કહ્યું હતું કે, જો સાવધાની ના રાખવામાં આવી તો કેસ હજી પણ વધી શકે છે.

એઈમ્સના ડાયરેકટરે કહ્યું હતું કે, યુવા વાયરસને લઈને બેદરકાર છે. તેમને લાગે છે કે, આ એક સામાન્ય ચેપ છે અને આપણે કંઈ કરવાની જરૂર નથી. આ ધારણાને ખોટી ગણાવતા ડૉક્ટર ગુલેરિયાએ કહ્યું હતું કે, યુવા વાયરસને ઘરે લાવી રહ્યાં છે અને વૃદ્ધો તેના શિકાર બની રહ્યાં છે.

ગુલેરિયાએ વેકસીન આવવાની આશા વ્યક્ત કરતા કહ્યું હતું કે, કેટલીક નવી દવાઓ પણ આવે જે કોરોનાને સારી રીતે નિયંત્રણ કરી શકે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, વેકસીન આવવાથી કોરોનાના કેસમાં ઘણો ઘટાડો થશે. કોરોનાની બચવા

● અનુસંધાન પાન-૭ પર

## દુઃખદ અવસાન



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **મુળુભા જેસીંગભાઈ મકવાણા (મેક)** નિવૃત્ત ઈન્ચાર્જ સંયુકત સચિવ, (ગામ : મગુના), (ઉ.વ. ૮૩)નું તા. ૨૮/૧૦/૨૦૨૦ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે.**

વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્દગતનું ટેલીફોનીક બેસણું તા. ૩૧/૧૦/૨૦૨૦ના શનિવારે સવારે રાખેલ છે.

મો. ૬૩૫૭૧૫૦૨૨૦, ૯૯૦૯૨૬૫૭૪૪, ૮૫૧૧૧૫૨૯૪૧

| | |
|---|---|
| શૈલેષકુમાર મજમુદાર (પુત્ર) (S.O. લીગલ વિભાગ) | મમતા એસ. મજમુદાર |
| | પિનલ એ. મજમુદાર |
| અલ્પેશ મજમુદાર (પુત્ર) (Principal) | |
| ગં. સ્વ. મણીબેન એમ. મકવાણા (કાકી) | |
| જીતેન્દ્ર એમ. મકવાણા (ભાઈ) | સુશિલા જે. મકવાણા |
| ભૂપેન્દ્ર એમ. મકવાણ (ભાઈ) | રેખા બી. મકવાણા |
| કલ્પેશકુમાર એન.કડીકર (જમાઈ) | મનિષા કે. કડીકર (પુત્રી) |
| યશરાજ, નીલરાજ, પ્રથમેશ, સ્તુતિ | તથા સમસ્ત સ્નેહી સ્વજનો |






## તુર્કી-ગ્રીસ સરહદે ભયાનક ભૂંકપ

તુર્કી-ગ્રીસ સરહદ પર ૭ની તીવ્રતાવાળો ભૂકંપ આવતા મહાવિનાશ સર્જાયો હતો. ઈજમીર શહેરમાં સંખ્યાબંધ મોટી ઈમારતો જમીનદોસ્ત થતાં હજ્જારોની સંખ્યામાં નાગરિકો કાટમાળોમાં દબાયાની દહેશત.

## દુઃખદ અવસાન



અત્યંત દુઃખ સાથે જણાવીએ છે કે
અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **કનુભાઈ પથુભાઈ દેસાઈ**
તા.૨૮/૧૦/૨૦૨૦ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

**પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી લૌકિક ક્રિયા રાખેલ નથી. પરંતુ તા.૧-૧૧-૨૦૨૦ને રવિવારે સવારે ૯ થી ૧૨ દરમ્યાન ઓનલાઈન બેસણું રાખેલ છે.**

**-: ઓનલાઈન બેસણા માટેની લીંક :-**

https/meet.google.com/iuv-npct-jqg Or Open google meet and enter this passward. **iuv-npct-jqr**

**અથવા ટેલિફોનિક સંવેદના પ્રગટ કરી શકશો**

| | |
|---|---|
| મયુરભાઈ કનુભાઈ દેસાઈ | રાહુલ કનુભાઈ દેસાઈ |
| મો.૯૯૧૩૨ ૨૭૦૦૦ | મો.૯૮૨૫૦ ૪૧૩૩૧, ૯૯૨૫૦૪૧૩૩૧ |

રિધ્ધિ - શ્રી અર્બુદા મોટર પ્રા.લિ.

## દુઃખદ અવસાન



અમારા પૂજ્ય પિતાશ્રી **દેવેન્દ્ર હંસરાજભાઈ ડુંગાણી**
તા.૨૯-૧૦-૨૦૨૦ના રોજ અરિહંત શરણ પામેલ છે.

વર્તમાન પરીસ્થિતીને ધ્યાનમાં રાખી સદ્દગતનું બેસણું રાખેલ નથી

સ્થળ : એ-૨૦૩, લેન્ડમાર્ક લીવીંગ, શ્રી રંગ પ્લાઝાની બાજુમાં, ગીફ્ટ સીટી રોડ, રાંદેસણ, ગાંધીનગર

શારદાબેન દેવેન્દ્રભાઈ ડુંગાણી

| | |
|---|---|
| આનંદ દેવેન્દ્ર શાહ | પ્રેરણા આનંદ શાહ |
| પંકજભાઈ કાંતિલાલ શાહ | અલકા પંકજ શાહ |
| નરેશભાઈ અમૃતલાલ શાહ | મીલી નરેશ શાહ |

અનોખી, વિરાજ, ચૈત્ય, મેહ


**ઝાયડસ હૉસ્પિટલ લાવ્યું છે એક અદ્ભૂત બદલાવ ચોવીસ કલાકમાં ની(ઘૂંટણ) - રિપ્લેસમેન્ટ કરાવી ઘરે પાછા.**

Zydus Hospitals
A Complete Hospital



સિનિયર જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
**ડૉ. દરિયા સિંહ - MS (Ortho)**

**જોઇન્ટ (સાંધા)ની બીમારીના લક્ષણો:**
- ઘૂંટણ કે થાપાનાં રિપ્લેસમેન્ટના ઓપરેશનની સલાહ
- ઘૂંટણ, થાપા કે ખભાનો દુઃખાવો રહેવો
- સાંધા જકડાઇ જવા કે સાંધામાંથી અવાજ આવવો
- ચાલમાં કે રોજીંદી ક્રિયામાં તકલીફ રહેવી

**તારીખ:** 01-11-2020 (રવિવાર) | **સમય:** સવારે 10.00 થી બપોરે 1.00
**સ્થળ:** તેજસ સર્જીકલ હૉસ્પિટલ, પથીકાશ્રમ બસ સ્ટેન્ડ સામે, સેક્ટર 7-C, પ્લોટ નં. 951/1, ગાંધીનગર

**રજીસ્ટ્રેશન માટે સંપર્ક : ઉજ્જવલ શાહ - +91 87581 88387**
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રીપાર્ટ લાવવા જરૂરી છે.

ઝાયડસ હૉસ્પિટલ્સ, સોલા બ્રિજ પાસે, ઓફ એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.24X7 ઇમરજન્સી નં. +91 78744 12345

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.



Festive Offer
BUY ONE
GET ONE
FREE*
On Spectacle Frames & Sunglasses



Free Eye Check Up By Qualified Optometrist

Optimax Vision
Spectacles - Sunglasses - Contact Lenses

Shop No: 5/A, Super Mall-1,infocity, Indroda, "O" Circle, Gandhinagar-382007.
(M) : 7016509224/5
*T&C apply